


## બાંગ્લાદેશમાં દીપુ ચંદ્રદાસની હત્યાના પડઘા પારડીમાં પડ્યા

**ચારરસ્તા** બ્રિજ નીચે VHP-બજરંગ દળે આક્રોશ પ્રદર્શન કર્યું

પારડી : પારડી ચાર રસ્તા બ્રિજ નીચે બાંગ્લાદેશમાં થયેલી દીપુ ચંદ્રદાસ સાથેની ઘટનાના વિરોધમાં વિશ્વ હિન્દૂ પરિષદ, બજરંગ દળ વલસાડ જિલ્લા દ્વારા આક્રોશ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. પૂતળાનું દહન કરી હનુમાન ચાલીસાના પાઠ કરવામાં આવ્યા હતા. આવી ઘટના બીજી વાર ન થાય જે માટે પગલાં લેવા અને ક્રૂરતાનો જવાબ આપવા માંગ કરી હતી. બાંગ્લાદેશમાં દુઃખદ અને માનવતાને શર્મસાર કરનારી ઘટના નિર્દોષ હિન્દૂ યુવક દીપુ ચંદ્રદાસને ઝાડ સાથે બાંધી જીવતો સળગાવી હત્યા કરતા વિશ્વ હિન્દૂ પરિષદ અને બજરંગ દળ દ્વારા વિરોધ પ્રદર્શન સાથે પૂતળા દહન કરી સખ્ત વિરોધ જતાવ્યો હતો. વિવિધ સૂત્રોચ્ચાર સાથે બાંગ્લાદેશનો ધ્વજ પગ તળે કચડી પૂતળા દહન કરી આવી ઘટનાને સખ્ત શબ્દોમાં વખોડી કાઢી દીપુ ચંદ્રદાસને શ્રદ્ધાંજલિ આપી હતી. હિન્દુઓ પર થતા આવા અત્યાચારને અટકાવવા અને બાંગ્લાદેશ સામે પગલાં લેવા માટે માંગણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમને લઇ પારડી પોલીસ ઇન્સ્પેક્ટર જી.આર.ગઢવીની ટીમે બંદોબસ્ત ગોઠવ્યો હતો.

પારડીથી નાસિક હાઈવેને જોડવા સરવેની કામગીરી પોલીસ બંદોબસ્ત સાથે હાથ ધરવામાં આવી હતી

# બાયપાસ રોડના સરવેની કામગીરીથી લોકોનો વિરોધ

**5 થી** 6 લોકોના પાકા ઘરો, ખેડૂતોની જમીન સંપાદિત થવાને લઇ લોકટોળા એકત્ર થઇ ગયા

**કોઈપણ** લેટર કે જાણકારી વિના લોકોને વિશ્વાસમાં લીધા વગર તેઓની જગ્યામાં ખૂંટા મારી દેવાયાના ગ્રામજનોના આક્ષેપો




પારડી : પારડી નેશનલ હાઈવે નં.48 ફાઉન્ટન હોટલની બાજુમાંથી બાયપાસ રોડ માટે બાલદા ગામથી નાસિક હાઈવે 848ને જોડવા માટે સરવેની કામગીરી પોલીસ બંદોબસ્ત સાથે હાથ ધરવામાં આવી હતી. જેને લઈ બાલદા ગ્રામજનોમાં વિરોધનો વંટોળ વકર્યો છે અને કોઈપણ જાતની જાણકારી કે લેટર આપ્યા વિના ખૂંટા મારી દીધા હોવાના આક્ષેપો કર્યા હતા. લોકો ઘર વિહોણા થવાને લઈ બાલદા ગ્રામ પંચાયત ખાતે લોકટોળાંએ એકત્ર થઈ ઉગ્ર વિરોધ દર્શાવ્યો હતો.

પારડી હાઈવે સ્થિત આવેલી ફાઉન્ટન હોટલની બાજુમાંથી બાલદા કમઠી ફળિયા, મોટા ફળિયાથી નાસિક સ્ટેટ હાઈવે 848ને જોડતો બાયપાસ રોડ તૈયાર કરવા સરવેની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં 5 થી 6 લોકોના પાકા મકાનો-જમીન, ખેતી કરતા ખેડૂતોની જમીન સંપાદિત થવાને લઈ આજરોજ બાલદા ગ્રામ પંચાયત ખાતે લોકો એકત્ર થઈ સરવેની કામગીરી સામે વિરોધ દર્શાવી કામગીરી અટકાવી હતી. લોકોના જણાવ્યા મુજબ કોઈ પણ લેટર કે જાણકારી વિના લોકોને વિશ્વાસમાં લીધા વગર આ સરવેની કામગીરી હાથ ધરાતા સખત વિરોધ નોંધાવ્યો હતો. અંદાજે 9 જેટલા ઘર અને ખેડૂતોની જમીન આ સરવેમાં સંપાદિત થવાની હોય જેને લઈ લોકો ઘર વિહોણા તથા ખેડૂતોની જમીન સંપાદન થવાને લઈ આક્રોશ ઠાલવ્યો હતો. મહિલાઓએ જણાવ્યું હતું કે તેઓ સવારે નોકરીએ નીકળી જતા હોય છે, જ્યારે સાંજે આવીને જોતા જગ્યામાં ખૂંટા મારેલા હોવાની જાણ થઈ હતી. ત્યારે ગરીબ પરિવાર ઘરવિહોણા થવાને લઈ આજરોજ આ કામગીરી સામે વિરોધ કર્યો હતો. મામલો ઉગ્ર બનતા પારડીના પીઆઈ જી.આર. ગઢવીએ લોકોને સમજાવવાનો પ્રયત્ન હાથ ધર્યો હતો.

## સંક્ષિપ્ત સમાચાર

### જૈનાચાર્ય ચકાચક દાદાએ વાપી ટાઉન પોલીસ સ્ટેશનમાં માંગલિક પ્રવચન અને આર્શીવાદ આપ્યા



વાપી : જૈનાચાર્ય પ્રબોદચંદ્ર સુરીશ્વરજી મહારાજ (ચકાચક દાદા)નો વાપી ચલા અજીતનગરમાં પ્રવેશ થયો હતો અને તેના આર્શીવાદ મેળવવા માટે મોટી સંખ્યામાં જૈનસમાજના ભક્તો ઉમટી પડ્યા હતા. ત્યારબાદ બપોરના સમયે ચકાચક દાદા વાપી ટાઉન પોલીસ સ્ટેશનમાં પહોંચી પીઆઈ મયુર પટેલ સહિત તમામ કર્મચારીઓને આર્શીવાદ આપ્યા હતાં. મહારાજના આગમન પ્રસંગે મંત્રોચ્ચાર બાદ ચકાચક દાદાએ માંગલિક પ્રવચન આપ્યા હતા.

### વાપી જ્ઞાનગંગા સ્કૂલમાં તુલસી પૂજા કરવામાં આવી




વાપી : વાપી નજીકના છીરીમાં આવેલી જ્ઞાનગંગા ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં તુલસી પૂજાના આયોજનમાં ધો.5 થી 12 ના 1200 વિદ્યાર્થીએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. તુલસી પૂજન ડુંગરા આશ્રમના મહારાજ મુકેશભાઈ અને તેમની ટીમ દ્વારા વિધિવત શાસ્ત્રોક મંત્રોચ્ચાર, તિલક-આરતી કરાવી, રક્ષા સૂત્ર બંધાવી, પ્રદક્ષિણા કર્યા બાદ તુલસી પૂજાનું મહત્વ સમજાવ્યું હતું. આ પ્રસંગે શાળાના ટ્રસ્ટી અને ચેરમેન સંદીપ પટેલે જણાવ્યું હતું કે, આ તુલસી પૂજન કરાવવાનો ઉદેશ્ય છે એ છે કે 25મી ડિસેમ્બરને આજની યુવા પેઢી માત્રને માત્ર નાતાલના પર્વ રૂપે સમજે અને જાણે છે. નાતાલ નહીં પરંતુ 'તુલસી પૂજન' ના રૂપમાં ઉજવણી કરી આવનારી પેઢીમાં ભારતીય સંસ્કૃતિના બીજ રોપવાનું કામ શાળા દ્વારા કરવામાં આવી રહ્યું છે. કાર્યક્રમના અંતે શાળાના પ્રિ.સુનિલ નાયરે મહારાજ અને તેની ટીમ, શિક્ષકગણ અને વિદ્યાર્થીઓનો આભાર માન્યો હતો.

### વીર બાલ દિવસે નાણામંત્રીએ ગુરુદ્વારા નાનક દરબાર ખાતે સાહિબજાદાઓને શ્રદ્ધાંજલિ અર્પણ કરી



વાપી : 'વીર બાલ દિવસ' ના પવિત્ર અવસર પર, ગુજરાત સરકારના નાણા અને શહેરી વિકાસ મંત્રી કનુભાઈ દેસાઈએ વાપી સ્થિત ગુરુદ્વારા નાનક દરબારની મુલાકાત લીધી હતી. શ્રી ગુરુ ગોવિંદ સિંહજીના ચાર સાહિબજાદાના સર્વોચ્ચ બલિદાનને ભાવપૂર્વક નમન કર્યા હતા. આ પ્રસંગે વાપી એસોસિએશનના પ્રમુખ સતીષ પટેલ તેમજ વાપીના અન્ય અગ્રણીઓ અને મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. સંગતને સંબોધતા કનુભાઈ દેસાઈએ રાષ્ટ્ર અને હિન્દુ ધર્મની રક્ષા માટે શીખ સમુદાય દ્વારા આપવામાં આવેલા ઐતિહાસિક બલિ દાનની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું કે, સાહિબજાદાઓનું સાહસ અને બલિદાન વિશ્વના ઇતિહાસમાં અજોડ છે. તેમણે ધર્મ અને સત્ય માટે હસતા મુખે શહીદી વહોરી હતી. આ ધરતી તેમના ઋણમાંથી ક્યારેય મુક્ત થઈ શકશે નહીં. તેમણે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીના નેતૃત્વમાં ભારત સરકાર દ્વારા ૨૬ ડિસેમ્બરને 'વીર બાલ દિવસ' તરીકે જાહેર કરવામાં આવ્યો છે. આ નિર્ણય દ્વારા આ નાની વયના મહાન આત્માઓના બલિદાનને દેશના ખૂણે ખૂણે પહોંચાડવાનું કાર્ય થયું છે. આ સમયે વાપીના શીખ સમુદાયના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### વલસાડ ખાતે સાંસદ ખેલ મહોત્સવમાં ડાંગના ખેલાડીઓનો દબદબો




સાપુતારાઃ વલસાડ ખાતે યોજાયેલા 'સાંસદ ખેલ મહોત્સવ-૨૦૨૫'માં ડાંગ જિલ્લાના ખેલાડીઓએ પોતાના શાનદાર પ્રદર્શન થકી સમગ્ર રાજ્યમાં ડાંગનું નામ રોશન કર્યું છે. ડાંગ જિલ્લા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સના ખેલાડીઓએ હોકીમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરી પ્રથમ ક્રમ હાંસલ કર્યો છે. સુબીર ઓપન કેટેગરીની ક્રિકેટ ટીમે રસાકસી ભરી મેચોના અંતે દ્વિતીય ક્રમ મેળવી જીતની ટ્રોફી પોતાના નામે કરી હતી. વ્યક્તિગત શ્રેણીમાં સંતોષ ગાવીતે ૨૦૦ મીટર અને ૪૦૦ મીટર દોડમાં પ્રથમ ક્રમ મેળવી બેવડી સિદ્ધિ હાંસલ કરી છે. ઓપન કેટેગરીમાં મમતા સુરેશ ચૌધરીએ બેડમિન્ટનમાં પ્રથમ ક્રમ મેળવ્યો છે. વિજેતા તમામ ટીમો અને વ્યક્તિગત વિજેતાઓને મહાનુભાવોના હસ્તે પ્રમાણપત્ર એનાયત કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. ડાંગના ખેલાડીઓની આ સફળતાને વધાવતા ડાંગ તાલુકા પંચાયત (આહવા) વતી તમામ વિજેતાઓને ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

### સારવણીમાં પ્રેમ સંબંધના વહેમમાં બે મહિલા વચ્ચે બોલાચાલી થતા એકનો આપઘાત

ઘેજ : સારવણી ગામે પ્રેમ સંબંધનો વહેમ રાખી બે મહિલા વચ્ચે બોલાચાલી થતા એકે ગળેફાંસો ખાઇ જીવન ટૂંકાવ્યું હતું. બનાવની પોલીસ મથકેથી પ્રાપ્ત માહિતી અનુસાર ચીખલી તાલુકાના સારવણી વિઠ્ઠલ વાડી ફળીયા ખાતે રહેતી તેજલબેન રણજીતભાઇ પટેલ (ઉ.વ-૩૦) નો ફળીયાના અજયભાઈ સાથે પ્રેમસંબંધ હોવાનો વહેમ રાખી અજયભાઇની પત્ની હીનાબેન સાથે બપોરના સમયે બોલાચાલી ઝઘડો થયો હતો. જે વાતનું મનદુઃખ થતા તેજલબેન પટેલે સાંજના સમયે ઘરે વાંસના માળીયા ઉપર ઓઢણી વડે ગળેફાંસો ખાઇ જીવન ટૂંકાવી લીધુ હતુ. બનાવ અંગેની ફરિયાદ રણજીત ડાહ્યાભાઇ પટેલ (ઉ.વ-૩૫) (રહે.સારવણી વિથ્થલ વાડી ફળીયા તા.ચીખલી) એ કરતા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઇ-બી.સી.ગઢવી કરી રહ્યા છે.

## ગૌહત્યામાં મુસ્લિમ સમાજનો સભ્ય હશે, તો તેને જમાતમાંથી બહાર કરાશે

**સરીગામમાં** ગર્ભવતી ગૌવંશની હત્યાની ઘટના બાદ મુસ્લિમ સમાજનો ઐતિહાસિક નિર્ણય




ઉમરગામ : ઉમરગામ તાલુકાના સરીગામમાં બનેલી ગર્ભવતી ગૌવંશની હત્યા કતલની ઘટનાને લઈને સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર ફેલાઈ છે. આ ઘટનાને પગલે સરીગામ પંચાયતના સહયોગ સદન હોલ ખાતે હિન્દુ તથા મુસ્લિમ સમાજના આગેવાનો રાજકીય પ્રતિનિધિઓની તાત્કાલિક એક બેઠક યોજાઈ હતી. આ ઘટનાને તમામે વખોડી હતી અને નિંદા કરી હતી.

ત્યારબાદ શુક્રવારના રોજ સરીગામ મુસ્લિમ સમાજ દ્વારા પણ વિશેષ બેઠક યોજી મહત્વપૂર્ણ અને ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો છે. બેઠક દરમિયાન સમાજના આગેવાનો અને સ્થાનિક પ્રતિનિધિઓએ ઘટનાની કડક નિંદા કરી હતી. ચર્ચાના અંતે સર્વસંમતિથી નક્કી કરવામાં આવ્યું કે આજ પછી સરીગામ વિસ્તારમાં જો કોઈ વ્યક્તિ ગૌહત્યાની પ્રવૃત્તિમાં સંડોવાયેલો હોવાનું સાબિત થશે અને તે મુસ્લિમ સમાજનો સભ્ય હશે, તો તેને સમાજ અને જમાતમાંથી તાત્કાલિક બહાર કરવામાં આવશે.

સમાજના આગેવાનોએ જણાવ્યું હતું કે, ગૌહત્યા જેવી ગેરકાયદે અને અમાનવીય પ્રવૃત્તિઓથી સમગ્ર સમાજની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચે છે. તેમજ કાયદા-વ્યવસ્થાની સ્થિતિ બગડે છે. સમાજે સ્પષ્ટ કર્યું કે શાંતિ, સદભાવ અને કાયદાનું પાલન જળવાઈ રહે તે માટે સમાજ પોતાની જવાબદારી નિભાવશે અને આવા કૃત્યો સામે કોઈ સમાધાન નહીં કરવામાં આવે. આ નિર્ણયથી સરીગામ વિસ્તારમાં સામાજિક એકતા અને સુમેળ જળવાઈ રહે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે.

## પોલીસે સાધુનો વેશ ધારણ કરી બળાત્કારના આરોપીને ઝડપી પાડ્યો

**વાપીમાં** બળાત્કારના ગંભીર ગુનામાં ભાગતા ફરતા આરોપીને પોલીસ બિહારથી પકડી લાવી



વાપી : બે મહિના પહેલા વાપી ટાઉન પોલીસ મથકમાં એક મહિલાએ વાપી ગોદાલનગરમાં રહેતા ઈસમ સામે બળાત્કારની ફરિયાદ નોંધાવી હતી. આ ગુનાની ગંભીરતાને ધ્યાને લઈ વાપી ટાઉન અને એલસીબી ટીમ દ્વારા બિહાર રાજ્યમાં પહોંચી ગઈ હતી અને વેશપલ્ટો કર્યા બાદ ટેક્નિકલ ટીમની મદદ વડે બળાત્કારના ગુનામાં ભાગતા ફરનાર ઈસમને ઝડપી પાડવામાં સફળતા મળી હતી.

વાપી ટાઉન પોલીસ સ્ટેશનમાં ભોગ બનનાર મહિલાએ વાપી ગોદાલનગર, કુસુમ એપાર્ટમેન્ટમાં રહેતા અને મૂળ બિહાર નૂરમોહંમદ બદરૂદ્દીન મીયા સામે બળાત્કારની ફરિયાદ નોંધાવી હતી. જે બનાવની ગંભીરતાને ધ્યાને લઈ વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજાની સૂચના અને વાપી નાયબ પોલીસ અધિક્ષક બી.એન.દવેના માર્ગદર્શનમાં વાપી ટાઉન પીઆઈ એમ.પી.પટેલ અને વલસાડ એલસીબી શાખાના પીઆઈ ઉત્સવ બારોટના સુપરવિઝન હેઠળ તાત્કાલિક ટીમ બનાવી હતી અને બિહાર રાજ્યના રોહતાસ જિલ્લામાં વર્ણવેલા સ્થળે પહોંચી તપાસ કરતા તે મળ્યો ન હતો. જે બાદ બિહાર ગયેલી પોલીસ ટીમે વેશપલટો કરી સાધુનો વેશ ધારણ કર્યો હતો અને રહેણાંક તથા અન્ય છૂપા આશ્રય સ્થાનો ઉપર વોચ રાખવામાં આવી હતી. આ દરમિયાન પોલીસને બીજો મોબાઈલ નંબર મળી આવ્યો હતો અને વલસાડની ટેક્નિકલ ટીમને મોકલી આપ્યો હતો. જે નંબરનો ઊંડાણપૂર્વક અભ્યાસ કર્યા બાદ નૂરમોહંમદ દિનારા ગામની બાજુમાં આવેલા કોચસ ગામમાં છૂપાયેલો હોવાનું જણાઈ આવ્યું હતું. તે બાદ તરત જ એલસીબી અને ટાઉન મથકના પીઆઈના સંપર્કમાં રહી પોલીસ સ્ટાફ દ્વારા વોચ રાખી રહેણાંક સ્થળની ખરાઈ કરી સ્થાનિક પોલીસની મદદથી પકડી પાડ્યો હતો. પકડાયેલા નૂરમોહંમદને વાપી ટાઉન પોલીસ સ્ટેશને લાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## નાડકર્ણી મેડિકલ ફાઉન્ડેશનના સહયોગથી ટ્વિન બેબીઝ મીટ 2025 ઉત્સવ યોજાયો




વાપી : નાડકર્ણી IVF સેન્ટર અને નાડકર્ણી મેડિકલ ફાઉન્ડેશનના સહયોગથી વાપી ખાતે ટ્વિન બેબીઝ મીટ 2025 ઉત્સવ યોજાયો હતો. ક્રિસમસના દિવસે યોજાયેલા આ કાર્યક્રમમાં નાનકડાં હસતાં ચહેરાઓ, નાના નાના પગલાંઓની દોડ, માતા-પિતાની ખુશીની હાસ્ય ધ્વનિ અને આભારના મૌન આંસુઓથી ગુંજતું બની ગયું હતું. 350 થી વધુ જુડવા બાળકો દરેક એક જીવંત ચમત્કાર અને એક જ છત નીચે રમતા, દોડતા અને હસતા જોવા મળ્યા હતા, ઘણા માતા પિતાઓ માટે આ પ્રથમ વખત હતું. આ ઐતિહાસિક કાર્યક્રમ નાડકર્ણી IVFની 30 વર્ષની ઉત્કૃષ્ટ સેવાનો ઉજવણીરૂપ અવસર હતો, જેની શરૂઆત 33 વર્ષ પહેલાં સ્વ. ડો. પૂર્ણિમા નાડકર્ણીના દ્રષ્ટિકોણથી ફલિત થઈ હતી. તેમણે સાબિત કર્યું હતું કે વંધ્યત્વ કોઈ શહેર કે અમીર લોકોની સમસ્યા નથી, પરંતુ ગ્રામ્ય, મધ્યમ વર્ગ અને આર્થિક રીતે નબળા પરિવારોનું પણ મૌન દુઃખ છે. આ દ્રષ્ટિને નાડકર્ણી મેડિકલ ફાઉન્ડેશન (2011) અને નાડકર્ણી ટ્રેનિંગ એકેડમી (2003) દ્વારા વધુ મજબૂતી મળી, જેના દ્વારા સમગ્ર ભારતમાં IVF નિષ્ણાતો તૈયાર થયા. સ્વ.ડો.પૂર્ણિમાના તેમના કાર્યકાળમાં 25,000 IVF બાળકોને જન્મ આપ્યો હતો ત્યાર પશ્ચાત આગામી પેઢી ડો.વૈભવ નાડકર્ણી, ડો. અદિતિ નાડકર્ણી, પૂજા નાડકર્ણી અને ડો.સૌમ્યા નાડકર્ણી દ્વારા 13,000+ વધુ જીવન આપી આ યાત્રાને ચાલુ રાખી છે.

આજે 38,000થી વધુ IVF બાળકો સાથે આ કાર્યક્રમ ચમત્કારોનું જીવંત સંગ્રહાલય બન્યો. મુખ્ય મહેમાનો મિલન દેસાઈ અને તમન્ના ખોજા સાથે ડો. કિશોર નાડકર્ણી, ડો.વૈભવ નાડકર્ણી, ડો.અદિતિ નાડકર્ણી, ડો.સૌમ્યા નાડકર્ણી દ્વારા દીપ પ્રજ્વલિત કરી કાર્યક્રમની શરૂઆત કરી હતી. ઘણા માતા-પિતાએ કહ્યું કે આ કોઈ મેડિકલ કાર્યક્રમ નહીં, પરંતુ આશાનો પરિવાર મેળો લાગતો હતો. કેક કટિંગ સેરેમનીમાં પાંચ જુડવા માતા-પિતાઓ દ્વારા કેક કાપી ઉજવણી કરી હતી.

### ઉમરગામ એમ.એમ હાઇસ્કુલમાં વાર્ષિક સમારંભ યોજાયો




ઉમરગામ : ઉમરગામની એમએમ હાઇસ્કુલમાં વાર્ષિક સમારંભની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મુખ્ય મહેમાન તરીકે મોનિષા અમિત નારકે (પ્યોરકોટ ઈકો લાઈફ સ્ટાઈલ પ્રા.લિ.ના ડાયરેક્ટર) ઉપસ્થિત રહ્યા હતા તથા અતિથિ વિશેષ તરીકે અમિત વિજય નારકે, ઉમરગામ એજ્યુકેશન સોસાયટીના પ્રમુખ ઈશ્વરભાઈ જી. બારી, મંત્રી ઉલ્હાસભાઈ આઈ. ટંડેલ, ખજાનચી બંકિમભાઈ કે. શાહ, કમિટી સભ્યો, હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. વાર્ષિકોત્સવની થીમ "ભારતની સાંસ્કૃતિક યાત્રા" જેવી ભાવસભર કૃતિઓ રજૂ કરવામાં આવી. આ અવસરે શાળાની નવી વેબસાઇટનું ઉદ્ઘાટન પણ કરવામાં આવ્યું હતુ. આચાર્ય અલ્પેશકુમાર પટેલ અને આચાર્ય જેસલબેન શાહે દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

### જલાલપોરમાં કામદારનું આકસ્મિક મોત

નવસારી : પ્રાપ્ત વિગતો મુજબ મૃતક સુનિલભાઈ સામતભાઈ પરમાર (ઉ.વ. ૩૮), વ્યવસાયે એલેન્ટી, રહેવાસી શ્રીનાથજી કૃપા શીવનગર સોસાયટી, તા. જલાલપોર, જી. નવસારી (મૂળ વતન ચિત્તલ ગામ, તા.જી. અમરેલી) પોતાના ઘરે હાજર હતા. દરમિયાન સવારે આશરે ૫:૦૦ વાગ્યે તેમને અચાનક ગભરાટ સાથે છાતીમાં અસહ્ય દુખાવો ઉપડ્યો હતો. તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તેમને નવસારી સ્થિત સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પર હાજર તબીબે તપાસ બાદ તેમને મૃત જાહેર કર્યા હતા.

### ચીખલીના અઢારપીર ગામે જુગાર રમતા પાંચ ઝડપાયા

ઘેજ : ચીખલી પોલીસના હે.કો-મહેન્દ્ર નેભાભાઈ, યુવરાજસિંહ જુવાનસિંહ, પો.કો-અલ્પેશભાઈ સાતાભાઈ, ગણપતભાઈ સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. દરમ્યાન પૂર્વ બાતમીના આધારે અઢારપીર પહાડ ફળીયા પાછળ જુગાર રમતા પાંચ શખ્સો ભાગ્યેશ નાયકા(રહે - આલીપોર નાયકીવાડ), વિજય જમધાડે (રહે.અઢારપીર પહાડ ફળીયા), હનીફ સીદાત (રહે.બામણવેલ મોચી ફળીયા), સની કરંદે (ઉ.વ-૨૮), વસીમ અખ્તર પઠાણ (ઉ.વ-30) (બન્ને રહે.બામણવેલ પહાડ ફળીયા તા.ચીખલી) ને ઝડપી પાડી ૭,૦૫૦ ના મુદ્દામાલ જપ્ત કરી જુગારધારાની કલમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હે.કો-મુળુભાઈ લખુભાઈ કરી રહ્યા છે.

## અમેરીકાના વીઝા નહીં થતાં ચેક રિટર્નના કેસમાં ટ્રાવેલ્સ સંચાલકને એક વર્ષની કેદ

**વલસાડના** ટ્રાવેલ્સના સંચાલકને નવ ટકાના વ્યાજ સહિત ચેકની રકમ વળતર તરીકે ચૂકવવા કોર્ટનો હુકમ

વલસાડ : વલસાડમાં અમેરીકાના વીઝા માટે લીધેલી રકમ વીઝા નહીં મળતા પરત કરવા આપેલો ત્રણ લાખનો ચેક રિટર્ન થવાના કેસમાં અમીન ટ્રાવેલ્સના સંચાલકને વલસાડની કોર્ટે તક્સીરવાન ઠેરવી એક વર્ષની સાદી કેદની સજા તેમજ ફરીયાદ દાખલ થયાથી નવ ટકાના સાદા વ્યાજ સહિત ચેકની રકમ ફરીયાદીને ચૂકવી આપવા હુકમ કર્યો હતો. મોટા તાઈવાડમાં રહેતા અઝાજુન્નીસા પઠાણે તેમના પુત્ર ફકીરખાન ફઝલ મેહમુદખાન પઠાણ તથા પુત્રી ખદીજાખાનના અમેરીકાના વીઝા માટેનું કામ તેમને ઓળખતા અમીન ટ્રાવલ્સના સંચાલકને સોંપ્યું હતું. તેના માટે પહેલા ૨.૫૦ લાખનો ચેક આપ્યો હતો. ત્યાર બાદ ૧.૭૫ના બે ચેક આપી ટ્રાવેલ્સના સંચાલકે છ મહિનાથી એક વર્ષમાં કામ કરી આપવા બાંહેધરી પત્ર લખી આપ્યો હતો. ત્યાર બાદ એક વર્ષમાં વીઝાનું કામ નહીં થતાં વારંવાર ટ્રાવેલ્સની ઓફીસ પર જતા યેનકેન પ્રકારે બહાના કાઢીને મહિલાને રવાના કરી દેતા હતા. ત્યાર બાદ છ લાખની લેણી રકમ પરત લેવા માટે કહેતા ૨૦-૧-૨૦૨૧ના રોજ યુનિયન બેંક ઓફ ઈન્ડીયાનો ચેક લખી આપ્યો હતો. આ ચેક ખાતામાં નાંખતા ફંડ્સ ઈનસફીશીયન્ટના શેરા સાથે પરત થયો હતો. ત્યાર બાદ ફરી ચેક નાંખતા પણ પરત થયો હતો. ત્યાર બાદ કોર્ટમાં ફરિયાદ થતાં આ કેસમાં ફરીયાદીના વકીલ પી.એલ.ફ્રાન્સીસની દલીલોને ગ્રાહ્ય રાખીને વલસાડના ચીફ જ્યુડીશિયલ મેજીસ્ટ્રેટ જયેશ અરૂણભાઈ દવેએ મોટા ઘાંચીવાડમાં રહેતા આરોપી મો.શકીલભાઈ ઈસ્માઈલ બંદીને એક વર્ષની સાદી કેદની સજાનો હુકમ કર્યો હતો.


જોઈએ છે

ક્રાફ્ટ પેપર વેચાણ માટે અનુભવી સેલ્સ મેન, પાંચ વર્ષ ના અનુભવી ને પ્રાથમિકતા.

કોન્ટેક્ટ નંબર : 8200288028